# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

2026

ઑગસ્ટ

## તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૩

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** **૨૦**

૧. ક્ષણ માં જ્ઞાનાવરણીય નો ઉદય તો બીજી જ પળે અંતરાયકર્મ નો ઉદય આવા કર્મ વિપાક નું ચિંતવન તે............... ધર્મધ્યાન છે.
૨ ધનશ્રેષ્ઠીએ એક કરોડ ની મિલકત સાથે કન્યા આપવા માંડી પરંતુ ............... મોહ માં ન પડ્યા.
૩. આહાર મેળવવા માટે રુપ પરિવર્તનાદિ કરે તે .................... કહેવાય છે.
૪. ઉત્તર વૈક્રિય શરીર કાળ પૂરો થયા પહેલા પણ બુદ્ધિ પૂર્વક ...................... કરી શકાય છે.
૫. આ સ્તવન ભણનાર અને સાંભળનાર બન્ને ના પાપ. ................... ના ઇષ્ટદેવ શ્રી પાર્શ્વનાથ પ્રભુ શમાવી દો.
૬. સ્થાવર ના હુંડક સંસ્થાન હોવા છતાં ....................... વિવિધ હોય છે.
૭. પ્રસન્ન થયેલા દેવે શ્રી વજસ્વામી ને ...................... આપી.
૮. મંદ પરિણામી આર્તધ્યાન. ...................... ને પણ હોઈ શકે છે.
૯. શ્રાવક અને સાધુ બન્ને માટે ........................ નો વિચાર સમાન જ છે.
૧૦. બૌદ્ધ રાજા ના રાજ્ય માં .................. મહોત્સવ થી જૈન શાસન ની પ્રભાવના કરાવી.
૧૧. અચિત્ત અને સચિત્ત ના આધારે શાસ્ત્ર માં ........................ કહેલ છે.
૧૨. છઠ્ઠા ગુણસ્થાનકે પાઁચ પ્રકાર ના પ્રમાદ હોવા થી આ...................... છે.
૧૩. શ્રી પાર્શ્વનાથ પ્રભુ ના આશ્ચર્યકારી માહાત્મ્ય નું વર્ણન.................સ્તોત્ર માં કરવા માં આવ્યું છે.
૧૪. પીળો વર્ણ અને વધુ શાંત પરિણામી ................... છે.
૧૫. શ્રાવક ના ઘર માં ...................... હતું એટલે લેવાનું જ ન હતું .
૧૬. પિતાના દીક્ષાની વાત તરત સાંભળી પુત્ર ને .................. થયું.
૧૭. કુમાર પાળ રાજા અહિંસા પ્રતિપાલક બન્યા આગળ .................. બની મુક્તિપદ ના ભોગી બનશે.
૧૮. દેવગતિ માં ..................... અને લોભ સંજ્ઞા વિશેષ થી હોય છે.
૧૯. જેમાં ખાવા નું ઓછું ફેંકવા નું વધારે હોય તે ................... કહેવાય છે.
૨૦. હિંસા અસત્ય આદિ માં ....................... જીવ ને આનંદ આવે છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** **૧૫**

૧. કોની નજર માં ચતુર્વિધ સંઘ પચ્ચીસમાં તીર્થંકર સ્વરુપ હોય છે ?
૨. ભય નો નાશ કરનારા પાર્શ્વપ્રભુ કોના દ્વારા પ્રણામ કરાયેલા છે ?
૩. કેટલીક વસ્તુઓ આપણા વપરાશ માં ક્યારેય નથી આવતી છતાં આપણે કેમ એનો ત્યાગ કરી શકતા નથી ?
૪. વજસ્વામી ને શેના માટે દુઃખ થયું ?
૫. સર્વ જીવો ના સતત શું બદલાતા હોય છે ?
૬. સ્વજન માટે બનાવેલ આહાર, સ્વજને ન લેવાથી સાધુ ને આપવો કયો દોષ છે ?
૭. પ્રત્યાખ્યાનાવરણીય કષાય ના ઉદય થી શું સ્વીકારવાનું સત્વ ઉત્પન્ન થતું નથી ?
૮. પાર્શ્વપ્રભુનું આ સ્તવન ભવિક જન ની કઈ પરંપરાનાં મૂળ કારણરુપ છે.
૯. કયા ચક્ષુ થી જ્ઞાની ભગવંતોએ આપણ ને એકેન્દ્રિય ના આકાર જણાવ્યા છે.
૧૦. કેવી ગોચરી સાધુની આરાધના માં વૃદ્ધિ કરનારી બને છે ?
૧૧. કેવો જીવ ચૌથા ગુણસ્થાનકે રહેલો છતાં દેવ,ગુરુ સંઘ ની સુન્દર ભક્તિ કરે છે ?
૧૨. ખાલી તેજોલેશ્યા કયા દેવો ને હોય છે ?
૧૩. વજસ્વામી કયા પર્વત પર સ્વર્ગ માં ગયા ?
૧૪. રથયાત્રા, તીર્થયાત્રા આદિ અનેરા અનુષ્ઠાનો ને કયાં સ્થાન આપીએ ?
૧૫. નવા અંકુરા એ શું છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** **૧૦**

૧) શ્રાદ્ધ ૨) નાહ ૩) સત્ત ૪) ઉવદ્દવા ૫) સંથવં ૬) અસંઘયણા ૭) કરોત્યેવ ૮) ઉઆરં ૯) જસ્સ ૧૦) વિગલિંદિ ૧૧) ઉક્કોસ ૧૨) પયડં ૧૩) પસમેઉ ૧૪) ધર્મ્ય ૧૫) રિકખ ૧૬) જુવઈહિં ૧૭) તીર્વોદયે ૧૮) નિહાણં ૧૯) જઝાણાઉ ૨૦) ગુણાલયે

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B | A | B |
|---|---|---|---|
| ૧) આગમરુચિ | ૧) લાલવર્ણ | ૬) અમૃતવેલ | ૬) જૃંભક દેવ |
| ૨) નપુંસક | ૨) ભવિક | ૭) સૌભાગ્ય | ૭) મૈથુન |
| ૩) આહાર | ૩) ગિરિકર્ણિકા | ૮) તેજોલેશ્યા | ૮) દાયક દોષ |
| ૪) ઉદાર | ૪) ગુરુભકિત | ૯) વનીપક | ૯) સોપારક |
| ૫) ઇશ્વરી | ૫) ચિકિત્સા | ૧૦) અનિમેષ દૃષ્ટિ | ૧૦) સંઘભકિત |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. પાંચમા ગુણસ્થાનક માં કેટલી પ્રકૃતિ ની ઉદીરણા હોય છે ?
૨. મનુષ્યે બનાવેલ ઉત્તર વૈક્રિય શરીર નો કાળ કેટલો છે ?
૩. શ્રાવક અને સાધુ જાગૃત ન હોય તો ગોચરી ના કેટલા દોષ લાગી શકે છે ?
૪. પંચેન્દ્રિય માં કેટલા દંડક આવે છે ?
૫. વર્ષાઋતુ માં ફરસાણ નો કાળ કેટલા દિવસ નો છે ?
૬. ચોથા ગુણસ્થાનક માં કેટલી પ્રકૃતિ બંધ માં હોય છે ?
૭. નમિઉણ સ્તોત્ર માં મહાપ્રભાવશાલી કેટલા અક્ષરનો મંત્ર છે ?
૮. દેશવિરતિધર શ્રાવક કેટલા કર્તવ્યની આરાધના કરનાર હોય છે ?
૯. શ્રાવકે કેટલા અભક્ષ્ય નો ત્યાગ કરવો જોઈએ ?
૧૦. વૈમાનિક દેવોને કેટલી લેશ્યાઓ હોય છે ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. રાવણ રાજા એ ગુરુભકિત થી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યુ.
૨. આરંભ સમારંભ માં લીન વ્યકિત ના હાથે આહાર ગ્રહણ કરે તો ઉન્મિશ્ર દોષ લાગે છે.
૩. ગુરુએ તેમાં બહુભાર હોવા થી વજ નામ રાખ્યુ.
૪. આત્મ પરિણામ આ ભાવ લેશ્યા છે.
૫. કિન્નરો વડે સ્તુતિ કરેલા છે, એવા પાર્શ્વ પ્રભુ જય પામો.
૬. વાયુકાય માં ઉત્તર વૈક્રિય ની રચના અને વિલય બન્ને સ્વયંમેવ જ થઈ જાય છે.
૭. શ્રાવક બાર પ્રતિમાદિ ના આલંબને ધર્મધ્યાન માં આગળ વધે છે.
૮. શ્રાવક અને સાધુ બન્ને માટે અભક્ષ્યાદિ નો વિચાર સમાન જ છે.
૯. પરપોટા ના આકારે અપ્કાય ના જીવો હોય છે.
૧૦. તિર્યંચો ને વિશેષ થી ભય અને માયા સંજ્ઞા હોય છે.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. આ જાણકારી દ્વારા આપણા જીવનમાં આહાર શુદ્ધિ લાવી ને વધુ પવિત્રતા જાળવવા પ્રયત્નશીલ બનીએ.
૨. હવે આવી પ્રવૃતિ માં કોઈ આનંદ ન આવે.
૩. આ પ્રભુ નું નામ પણ મંત્ર સમાન છે.
૪. દ્રવ્ય લેશ્યાના પુદ્ગલો વિવિધ રંગ ના હોય છે.
૫. જ્યોતિષ નિમિત્તાદિ કહી ને આહાર લે તે "નિમિત્ત દોષ" કહેવાય છે.
૬. ઉત્કૃષ્ટ દેશ વિરતિધર સચિત્તાહાર નો ત્યાગી હોય છે.
૭. સર્વે જીવો ચાર કષાયવાળા હોય છે.
૮. જરાક ઉપયોગ રાખ્યો હોત તો જરુર લાભ મળી જાત.
૯. તે વખતે ચોથું સંઘયણ અને દશ પૂર્વ વિચ્છેદ પામ્યા.
૧૦. આ સંસાર અનાદિ કાળ થી છે, ઉત્પત્તિ, વિનાશ અને ધ્રૌવ્ય પણ છે.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧) ચોથા ગુણસ્થાને રહેલો જીવ શું કરે ? ૨) વજસ્વામી ની દીક્ષા
૩) સાધુ થી લાગતા ગોચરી ના દોષા માં થી છઃ દોષ જણાવો ૪) સંજ્ઞા દ્વાર સમજાવો.
૫) નમિઉણ સ્તોત્ર નું પ્રભાવ

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com